# રાજ્યના દિલીપકુમાર નિનામાને તિલકા માંઝી રાષ્ટ્રીય એવોર્ડ-૨૦૨૧થી સન્માનિત કરાયા

ભિલોડા,તા.૨૮

૨૮ નવેમ્બર ૨૦૨૧ ના રોજ ગાંધી પીસ ફાઉન્ડેશન, નવી દિલ્હી ખાતે દિલીપકુમાર નિનામાને 'તિલકા માંઝી રાષ્ટ્રીય એવોર્ડ ૨૦૨૧' માટે સન્માનિત કરવામાં આવ્યા. આ એવોર્ડ માટે દેશ-વિદેશના મહાનુભાવોને અંગ મદદ ફાઉન્ડેશન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા અને ગુજરાતમાંથી દિલીપકુમાર નિનામાને સન્માનિત કરવામાં આવ્યા તેથી સમગ્ર ગુજરાતમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

તિલકા માંઝી (જબરા પહાડીયા) ભારતના પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમનો જન્મ ૧૧ ફેબ્રુઆરી ૧૭૫૦ માં થયો હતો. તિલકા માંઝીએ ૧૭૮૦-૮૫ માં અંગ્રેજોના અત્યાચારના વિરુદ્ધમાં જંગ છેડી દીધો હતો. આમ મંગલ પાંડેના જન્મના ૮૦ વર્ષ પહેલાં તિલકા માંઝીએ અંગ્રજો સામે લડ્યા હતા એટલે ૧૮૫૭ માં પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની મંગલ પાંડે નહીં પણ ૧૭૫૦ માં જન્મેલા તિલકા માંઝી હતા. આવી રીતે આવા મહાન સ્વતંત્રતા સેનાનીના નામે એવોર્ડ મળવો ગર્વની વાત છે.

દિલીપકુમાર ખીમજીભાઈ નિનામા નરોડા, અમદાવાદ ખાતે નવયુગ વિદ્યાલયમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ વેજપુર ગામ ભીલોડા તાલુકા અરવલ્લી જીલ્લાના વતની છે. તેઓ ભારતીય આદિવાસી અધિકાર પંચ, ગુજરાતના પ્રમુખ છે. અરવલ્લી સાબરકાંઠા આદિવાસી શિક્ષક એસોસિયેશનના પ્રમુખ છે. તેઓનું કાર્યક્ષેત્ર ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન,



ઓરિસ્સા અને ઝારખંડ છે.

નોકરીની સાથે સાથે સામાજીક અને શૈક્ષણિક કામો પણ છેલ્લા ૨૩ વર્ષોથી કરતા આવ્યા છે. શૈક્ષણિક રીતે તેમના પોતાના વિષય અંગ્રેજીનું એસ.એસ.સીનુ પરિણામ છેલ્લા ૨૩ વર્ષોથી ૯૦ ટકાથી ઉપર આવ્યું છે. ૨૮/૧૧/૨૦૨૧ રવિવાર ના રોજ ગાંધી પીસ ફાઉન્ડેશન, દિલ્હી ખાતે દેશ-વિદેશના સમાજસેવા, પત્રકારત્વ, શિક્ષા, ચિકિત્સા, સાહિત્ય, કલા, ખેલ, માનવાધિકાર, મહિલા સશક્તિકરણ વગેરે ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામ કરનાર હસ્તિઓને 'તિલકા માંઝી રાષ્ટ્રીય સન્માન ૨૦૨૧'થી અંગ મદદ ફાઉન્ડેશન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. આ સન્માન સમારોહના મુખ્ય અતિથિ તરીકે સુપ્રસિદ્ધ ગાંધીવાદી વિચારક રાધા ભટ્ટ અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ દુષ્યંત ગૌતમ ઉપસ્થિત રહ્યા હતા. દેશ-વિદેશના વિભિન્ન ક્ષેત્રો માંથી પસંદગીઓ કરવામાં આવી હતી તેમાં ગુજરાત, દિલ્હી, રાજસ્થાન, બિહાર, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પંજાબ, ત્રિપુરા અને છત્તીસગઢ રાજ્યના છે. વિદેશથી સ્ટોકહોમ અને સ્વીડનમાં માનવાધિકાર માટે કામ કરનાર ભારતીય મૂળના ને પણ સન્માનિત કરવામાં આવ્યા. દિલીપકુમાર નિનામાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે 'તિલકા માંઝી રાષ્ટ્રીય સન્માન - ૨૦૨૧' ને ભારતના આદિવાસી સમુદાયને સમર્પિત કર્યો હતો. આ સન્માન મારું નહીં પણ દેશના આદિવાસી સમુદાયનું સન્માન છે અને આદિવાસી સમુદાયના હોવાનો ગૌરવ વ્યક્ત કર્યો હતો.

દિલીપકુમાર નિનામાએ ભારત સરકાર પાસે લેખિતમાં રજૂઆત કરી હતી કે દેશ આ વર્ષને આઝાદીના શહીદો માટે 'અમૃત મહોત્સવ' ઉજવી રહ્યું છે ત્યારે જેમ ૧૯૦૦માં જન્મેલા ભગવાન બિરસા મુંડાના જન્મ દિવસ ૧૫ નવેમ્બરને રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરવામાં આવ્યો. તેજ રીતે ૧૭૫૦ માં જન્મેલા અને ૧૭૮૦થી ૮૫ સુધી દેશને અંગ્રેજોથી આઝાદી અપાવવા દેશના પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની તિલકા માંઝી હતા. તો તેમને માનનીય પ્રધાનમંત્રી તિલકા માંઝીને દેશના પ્રથમ સ્વાતંત્ર્ય સેનાની ઘોષિત કરે અને શાળા, કોલેજોમાં પણ પાઠ્યપુસ્તકોમાં સ્થાન આપવામાં આવે, ઈતિહાસમાં તેમને સામેલ કરવામાં આવે તેવી રજુઆત કરી હતી.અંતમાં દિલીપકુમાર નિનામાએ ફાઉન્ડેશનના અધ્યક્ષ પ્રસુન લતાંત, સચિવ વંદના ઝા, પસંદગી સમિતિ અને આયોજન કર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### જિલ્લા પ્રા.શિક્ષણ વિભાગનો કુંઠીત નિર્ણય

# ધનસુરા તાલુકાની દેવીપૂજક વર્ગ શાળાના દરવાજા કાયમી બંધ કર્યા

**દેવીપૂજક વર્ગ બંધ કરવા મુદ્દે ટી.પી.ઓ. અને મુખ્ય શિક્ષકને તેડું: ૩૨ બાળકોનું ઘરઆંગણાનું શિક્ષણ છીનવાતાં વાલીઓમાં રોષ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૮

ધનસુરા તાલુકાના જાલમપુરા ગામ નજીકનો દેવીપૂજક વર્ગ બંધ કરાતાં ગરીબ પરિવારના ૩૨ બાળકોનું ઘરઆંગણાનું શિક્ષણ છીનવાયું છે. એસ.એમ.સી. કમીટીએ પણ આ મુદ્દે ઉગ્ર વિરોધ નોંધાયા પછી હરકતમાં આવેલા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ દેવીપૂજક વર્ગ અંગે રુબરુ સુનાવણી માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને બે શાળાઓના મુખ્ય શિક્ષકોને રેકર્ડ સાથે હાજર રહેવા તેડું મોકલતાં હલચલ મચી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના એક અધિકારીના ઈશારે કિન્નાખોરીથી વર્ગ બંધ કરાયાના આરોપ સાથે સરકાર અને શિક્ષણ મંત્રી સુધી રજૂઆત થઈ છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર ધનસુરા તાલુકાના અંતરીયાળ નાંણા-જાલમપુરા વિસ્તારમાં નદી કિનારા વિસ્તારમાં વસવાટ કરતા ગરીબ પરિવારોના બાળકોને ઘરઆંગણે શિક્ષણ મળે તે માટે દેવીપૂજક વર્ગ શાળા શરુ કરવામાં આવી હતી. છેલ્લા ૨ વર્ષથી ગરીબ બાળકો ખુલ્લામાં બેસીને અભ્યાસ કરતા હોવાના અહેવાલ પછી હરકતમાં આવેલા તંત્રએ પોતાની ભૂલનો સ્વીકાર કરવાના બદલે તાબડતોબ વર્ગ બંધ કરી નજીકની શાળામાં મર્જ કરવા આદેશ કર્યો હતો. જ્યારે ચાલીને પણ અન્ય શાળામાં ન જઈ શકાય તેવી ભૌગોલિક સ્થિતિને નજરઅંદાજ કરી દેવીપૂજક વર્ગ બંધ કરવાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના એક તરફી નિર્ણય સામે એસ.એમ. સી. કમીટીએ બાંયો ચઢાવી છે અને આ મુદ્દે ઠરાવ કરી ગરીબ બાળકોના હક્ક, હિત અને શિક્ષણ માટે ન્યાય નહીં મળે તો કાયદાકીય તમામ પ્રકારની લડત આપવાના ઈરાદા સાથે ઠરાવ કરી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિને મોકલવામાં આવ્યો હતો. એસ.એમ.સી. કમીટીની કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી વગર મનમાની રીતે દેવીપૂજક વર્ગ બંધ કરવાના નિર્ણય સામે વ્યાપેલો રોષ ગાંધીનગર સુધી પહોંચ્યો છે ત્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણા ધકારીએ દેવીપૂજક વર્ગ અંતર્ગત રુબરુ સુનાવણી માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી-ધનસુરા તેમજ જાલમપુરા અને દેવીપૂજક વર્ગના મુખ્ય શિક્ષકને જરુરી રેકર્ડ સાથે હાજર રહેવા ગત શનિવારે બોલાવવામાં આવ્યા હતા.

**આઝાદીના અમૃત મહોત્સવમાં પણ રસ્તાની સુવિધા નથી**

રાજ્યમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે ધનસુરા તાલુકાની દેવીપૂજક વર્ગ બંધ કરવાના નિર્ણયથી ધો.૧ થી ૫ ના બાળકોને જંગલી પશુઓનો ભય હોય તેવા રસ્તે પગપાળા દૂરની શા ળામાં અભ્યાસ કરવાની નોબત આવી છે. એસ.એમ.સી.એ આ મુદ્દે તંત્ર સામે બાથ ભીડી છે અને યોગ્ય હલ નહીં આવે તો કોર્ટમાં જવાની તૈયારીઓ શરૂ કરી છે. આઝાદીના અમૃત મહોત્સવમાં પણ અનેક ગ્રામ્ય વિસ્તારો માં પાયાની સુવિધા ન હોવાનું દફતર ઉપર સામે આવ્યું છે.

## જન્મદિને વધામણી



કે. એન. ડામોર
પૂર્વ જિલ્લા પોલીસ
વડા,અરવલ્લી



મીનાબેન મહેશભાઈ પટેલ
વલ્લભ નગર સોસાયટી
બાયડ



કિરીટભાઈ શાહ
પત્રકાર
ગાબટ.તા. બાયડ

**રક્તદાન મહાદાન**

# શીતવાડા ખાતે મંજુર થયેલ ચેકડેમ બનાવવા માટે ગામજનો સહિત આજુબાજુના ખેડુતોની માંગ

**સીતવાડા સાબરમતી નદી ઉપર ચેક ડેમ બનશે તો ૬૦ જેટલા નાના-મોટા ગામોને ફાયદો થશે : સરકાર દ્વારા ચેક ડેમ મજુર કરવામા આવ્યો : ચેકડેમ બનાવવાની જગ્યાએને લઈને બે જિલ્લાના લોકોમાં ખેંચતાણ : સાંસદ, મંત્રી તથા પૂર્વ ધારાસભ્યની રજુઆત રંગ લાવી આખરે ચેકડેમ મંજુર**

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લા ના સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીતવાડા અને પોયડા વચ્ચોવચ બનાવવામા આવે તો સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ૬૦ થી પણ વધારે ગામોને તથા ખેડૂતો ને આનો લાભ મળશે અને ચેકડેમ આશીર્વાદ રૂપ રહશે અને ખેડૂતો ના ખેતરો મા આવેલ બોરકુવા નુ જળસ્ત્રોત્ર ઉચુ આવશે ત્યારે સીતવાડા ખાતે ભેગા થયેલ વિવિધ ગામજનો આગેવાનો ખેડુતો નો એકજ સૂર જોવા મળ્યો છે અને એક સાથે સીતવાડા-પોયડા ગામની વચ્ચોવચ ચેકડેમ બનાવવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે ત્યારે હાલતો ચેકડેમ મજુર છતાંય બે જિલ્લાના ગામોના લોકો મા ચેકડેમ બનાવવા ને લઈ ને ખેંચતાણ ચાલી રહી છે પણ જો સાબરકાંઠા જિલ્લા મા ચેકડેમ બનશે તો ૬૦ થી પણ વધારે ગામોને ફાયદો થશે અને તેની સાથે દહેગામ તાલુકાના નીચેના ગામોને પણ ફાયદો થશે





પ્રાંતિજ ના શીતવાડા પાસે આવેલ સાબરમતી નદી મા ચેકડેમ બનાવવામા આવે તે માટે સીતવાડા ખાતે આજે ૨૦ વધુ ગામોના ગામજનો આગેવાનો અને ખેડૂતો એકઠા થયા હતા અને સીતવાડા થી પોયડા ખાતે જ ચેકડેમ બને તે માટે રજુઆતો કરવામા આવી હતી

**પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ પણ જેતે સમયે વિધાન સભામા ચેકડેમ વિશે રજૂઆત કરી હતી**

પ્રાંતિજ ના સીતવાડા ખાતે ચેકડેમ બનાવવા માટે ગામજનો સહિત ખેડૂતો ગામ આગેવાનો સહિત ૨૦થી વધુ ગામના આગેવાનો ખડેતો સીતવાડા ખાતે આવેલ રામજીમંદિર ખાતે બેઠક યોજાઈ હતી જેમા ૨૦૧૬ થી ખેડુતો ની માંગ અને સાંસદ દિપસિંહ રાઠોડ તથા મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર તથા પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા રજુઆતો ને લઈ ને આખરે આ વિસ્તાર ના લોકો માટે ડેમ મજુર થયો છે અને હાલ ડેમ મજુર થયા બાદ જગ્યા ને લઈ ને બે જિલ્લા ના લોકો મા ખેંચતાણ ચાલી રહી છે તો ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામા આવેલ માધવગઢ મા ડેમ બનવાની વાત ને લઈ ને સાબરકાંઠા જિલ્લાના ખેડૂતો અને વિવિધ ૨૦ થી પણ વધારે ગામ ના ગ્રામજનો સીતવાડા ખાતે આવેલ રામજી મંદિર ખાતે એકઠા થયા હતા અને

**ધારાસભ્ય તેમજ મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે પણ લેખિત મા રજુઆત કરતા આખરે રજુઆત રંગ લાવી**

વચ્ચોવચ ચેકડેમ બનાવવામા આવે તે માટે એક સાથે રજુઆત કરી હતી જેમા સીતવાડા, ઓરાણ, પોયડા, ઈન્દ્રાજપુર, બોભા, મજરા, તાજપુર , લીમલા, વડવાસા, કતપુર, અનવરપુરા, ધડકણ, સુખડ , સદાના મુવાડા, પુનાદરા, કરોલ સહિત અન્ય ગામોના લોકો ને સીતવાડા સાબરમતી નદી મા ચેકડેમ બનશે તો લાભ થશે ત્યારે માધવગઢ ગામ નીચે ની ભાગે આવેલ હોવાથી સદર ગામનેજ લાભ થાય તેમ છે જેથી જો સાબરમતી નદી ઉપર બનાવવામા આવનાર ચેકડેમ જો સીતવાડા-

**સીતવાડા-પોયડા વચ્ચોવચ ચેકડેમ બનશેતો ૫૦૦ થી વધુ ખેડૂતોના બોર કુવામા જળસ્ત્રોત્ર ઉપર આવેશે**

# ધનસુરાના શીકા ગામે ચોકડીથી ગામ સુધીના રોડ પર ઝાળી-ઝાંખળા દૂર કરાયા

ધનસુરા, તા ૨૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના શીકા ગામ ના ડેપ્યુટી સરપંચ બિંકલબેન વિપુલભાઈ પટેલ એ શીકા ચોકડી થી ગામ સુધીના રોડ પર ઝાળી-ઝાંખળા, ગાંડા બાવળ દૂર કરવા માટે રજૂઆત કરી હતી તેમને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) મોડાસા ને રજૂઆત કરી હતી શીકા ચોકડી થી ગામ સુધીના રોડ પર ઝાળી-ઝાંખળા થવાથી વાહનોને અવરજવર કરવામાં મૂશ્કેલી ઉભી થઇ રહી હતી જેને ધ્યાન માં લઇ તંત્ર દ્વારા શીકા ચોકડી થી ગામ સુધીના રોડ પર ઝાળી-ઝાંખળા દૂર કરાયા હતા



# વડોદરાના ફાર્મા ઉદ્યોગપતિએ કેન્દ્રીય આરોગ્ય મંત્રીની મુલાકાત લીધી

હિંમતનગર, તા. ૨૮

વડોદરાના ફાર્મા ઉદ્યોગપતિ મોહનભાઈ પટેલે ગુરુવારે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખ માંડવિયાની મુલાકા લીધી હતી. ગુજરાતના ફાર્મા ઉદ્યોગના કેટલાક પ્રશ્નો બાબતે અન્ય ફાર્મા ઉદ્યોગકારો સાથે કેન્દ્રીય મંત્રીએ ૪૫ મિનિટ વાર્તાલાપ કર્યો હતો. ફાર્મા ઉદ્યોગની માંગણીઓ બાબતે મંત્રીએ વિસ્તારથી સાંભળી યોગ્ય ઉકેલની હૈયાધારણ આપી હતી.





તક્ષશિલા વિદ્યાલય ખાતે પ્રથમ સત્રાંત પરીક્ષા પૂર્ણ થયાં બાદ પ્રથમ 'વાલી મિટિંગ' નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તક્ષશિલા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ, અને વાણિજ્ય પ્રવાહ ) તથા તક્ષશિલા ઈંગ્લીસ મીડીયમ (પ્રાથમિક વિભાગ )અને વલભી ઈંગ્લીસ મીડીયમ (માધ્યમિક વિભાગ )ધ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું દરેક વિભાગ માં વાલીશ્રી મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા જેમાં પોતાના બાળક ની 'જવાબવહી' નું નિદર્શન કરી વિષય શિક્ષકો સાથે તેમજ પ્રિન્સિપાલ સાથે બાળક ના ઉત્તમ ભવિષ્ય માટે પરામર્ષ કાર્યો હતો વાલીશ્રી તથા વિદ્યાર્થી માં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ પટેલ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વાલી સાથે શૈક્ષણિક ચર્ચા વિચારણા કરી હતી.

## પ્રાંતિજના પલ્લાચર ખાતે મહિલા સરપંચના પતિએ મા-બેન સામી ગાળો બોલી એક ઈસમને દંડો માર્યો

પ્રાંતિજ તા.૨૮

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપર થી મળતી માહિતી મુજબ આ કામ ના ફરીયાદી બાબુભાઈ કાળાભાઈ વાઘેલા ઉ.વર્ષ-૬૦ કે જેવો ગલ્લા ઉપર મસાલો ખાવા ગયા હતા તે દરમ્યાન પલ્લાચર ગામના મહિલા સરપંચ મંજુલાબેન પટેલ ના પતિ બારોટ વાસમા ગામના બીજા માણસોને ભેગા કરી પ્લોટોની સનદો વહેચી સહીઓ લઈ પરત એકટીવા લઈ જઈ રહ્યા હતા તે દરમ્યાન બા બુભાઈ કાળાભાઈ વાઘેલા એ મહિલા સરપંચ ના પતિ કાન્તિભાઈ પટેલ ને ઉભા રાખી ને કહેલ કે હાલમા સરપંચ ની ચુંટણી જાહેર થયેલ હોવાથી આચાર સહિતા ચાલે છે અને તેમો મતદારો ને રીઝવવા અગાઉ થી તાલુકા પંચાયત માંથી લાવેલ પ્લોટ ની સદનો વહેંચી સહીઓ લોછો પણ અમારા ફળીયા નો રોડ બનાવતા નથી તેમ કહેતા આરોપી મહિલા સરપંચ ના પતિ કાન્તિભાઈ મુળાભાઈ પટેલ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદી બાબુભાઈ કાળાભાઈ વાઘેલા ને મા-બેન સામી ગાળો-બોલી સાલા ભંગરા તારે કયાં આખા ગામની પંચાત કરવાની છે તેમ કહીને જાતિ પ્રત્યે અપમાનિત કરતા ફરિયાદી બાબુભાઈ એ ગાળો બોલવાની ના પાડતા આ કામના આરોપી કાન્તિભાઈ પટેલ પોતાની એકટીવા ની ડેકી માથી નાનો દંડો કાઢી બાબુભાઈ કાળાભાઈ વાઘેલા ને મારતા ડાબા હાથની હથેળી ના ઉપર ના ભાગે મારી ઈજા કરી જાહેર મા જાતિ પ્રત્યે અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી તો દંડો હાથની હથેળીઓમા વાધતા બાબુભાઈ વાઘેલા પહેલા પ્રાંતિજ સિવિલ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ગયેલ અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા મહિલા સરપંચ ના પતિ કાન્તિભાઈ મુળાભાઈ પટેલ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે કાન્તિભાઈ પટેલ વિરૂધ્ધ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

# પાલનપુર બાવરી ડેરામાં માથાભારે તત્વોના ભયથી ૧૪ પરિવારોએ હિજરત કરી

**હત્યા કરવાની ધમકીઓ મળતા ભયભીત પરિવારો કલેકટર કચેરી બહાર ધામાં નાખ્યા: પીડિત પરિવારોએ પોલીસ રક્ષણ સાથે પુનઃવર્સન કરવાની માંગ કરી**

પાલનપુર, તા. ૨૮

પાલનપુરના માન સરોવર રોડ પર આવેલા બાવરી ડેરામાં એક અઠવાડિયા અગાઉ સામાન્ય બાબતે તકરાર થઈ હતી જેમાં પોલીસ દાખલ થતાં માથાભારે આરોપીઓ ફરિયાદી પક્ષના પરિવારો ને જાન થી મારી નાખવાની ધમકીઓ આપતા ભયભીત ૧૪ જેટલા પરિવારો બહાર છોડીને જિલ્લા કલેકટર કચેરી બહાર ધામાં નાખ્યા છે અને પોલીસ રક્ષણની માંગ કરી છે.

પાલનપુરના બાવરી ડેરા માં ગત ૧૮ નવેમ્બરના ઘર આગળ ગંદું પાણી ઢોળવા બાબતે બે પરિવારો વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી



જેમાં ઉશ્કેરાયેલા અમરત સિકંદર બાવરી અને ભુપતશીંગ બાવરીએ બંસી બાબુભાઈ બાવરી અને હિતેશ બાબુભાઈ બાવરી પર ધોકા અને ધારીયા વડે હુમલો કર્યો હતો જેમાં બન્ને ભાઈ ગંભીર ઘાયલ થતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા અને આ મામલે ફરિયાદ દાખલ થઈ હતી જેને લઈ આરોપીઓ ફરિયાદી પક્ષને જાન થી મારી નાખવાની ધમકીઓ આપતા માથાભારે આરોપીઓ થી ફરિયાદી પક્ષમે જીવ નું જોખમ હોય ૧૪ જેટલા પરિવારો ના ૭૦ જેટલા લોકો પોતાનો જીવ બચાવવા ઘર છોડી પાલનપુર કલેકટર કચેરી બહાર પડાવ નાખ્યો છે અને આરોપીઓ થી ભયભીત પરિવારોએ પોલીસ રક્ષણ આપવા તેમજ આરોપીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે